Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ‘બે ઈ-મેલ અને સરગવો’ વાર્તામાં અનુભૂતિ અને અભિવ્યક્તિનું નાવિન્ય

ડૉ. ભરત સોલંકી
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આટ્ર્સ કૉલેજ, પાટણ

---

દશરથ પરમારનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૭ ના રોજ મહેસાણા વડનગર તાલુકાના પિંપળદર ગામે થયો હતો. તેમના માતાનું નામ ચંચળબેન અને પિતાનું નામ કરશનલાલ છે. તેમના પિતાનો વ્યવસાય મુખ્યત્વે વણાટકામ અને ખેતીનો હતો. તેઓ આર્થિક રીતે બહુ સમૃધ્ધ નહોતા પણ સંસ્કાર અને મૂલ્યોની બાબતમાં ખૂબ જ સધ્ધર હતું. તેમના દાદા પંચાત કરતા. ખૂબ જ કડક સ્વભાવના પણ પંચાત કરતા કરતા કોઇનું ક્યારેય ખરાબ થવા દિધું નહોતું.

દશરથ પરમારનું પ્રાથમિક શિક્ષણ વતનમાં જ થયુ હતું. સર્જક શૈશવમાં ભણવામાં હોંશિયાર નહોતા. તેમની સાથે ભણતા અન્ય શિક્ષકોના બાળકો એકથી દશ નંબરમાં જ પાસ થતા. આથી ધીરે ધીરે પોતે બધાથી અલગ પડવા લાગ્યા હતા. મિત્રો કે સહપાઠીથી અલગ પડતા સર્જક સાહિત્યવાંચન તરફ વળે છે. એમના ગામમાં એક સાર્વજનિક પુસ્તકાલય હતું. પુસ્તકાલયમાં સંચાલક તેમની શાળાના શિક્ષક જ હતા. રોજ સવાર-સાંજ પુસ્તકોની આપ-લે થયા કરતી. આમ સાહિત્યસર્જન તરફ વળવાનો મોટો શ્રેય સર્જક આ લાયબ્રેરીને આપે છે.

પ્રાથમિક અને હાઇસ્કુલનું શિક્ષણ વતનમાં લઇ દશરથ પરમાર કોલેજમાં જોડાય છે. તેમણે અભ્યાસમાં પ્રથમ કોમર્સ લાઇનમાં રહી કોમર્સની પદવી મેળવી પછી ગુજરાતી વિષય સાથે પણ અનુસ્નાતકની પદવી મેળવેલ છે. તેમણે ગુજરાતી વિષયમાં યુ.જી.સી. નેટની પરીક્ષા પણ ઉત્તીર્ણ કરેલ છે.

આગળ જતા ભિન્ન ભિન્ન સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા એલ.આઇ.સી. માં પાસ થતા તેમાં નોકરી મળી વિસનગરની એલ.આઇ.સી. ની ઓફિસમાં કાર્યરત થયા અને આજપર્યંત આ ઓફિસમાં કાર્યરત છે.

જેના પરથી આખી વાર્તાને શીર્ષક આપવામાં આવેલું છે તે સંગ્રહનું પણ શીર્ષક છે. આ વાર્તા નગરજીવનને પ્રગટ કરતી વાર્તા છે. આ વાર્તાનું વિષયવસ્તુ જોઇએ તો શ્રધ્ધા અને વિશ્વાસથી કેવા અણધાર્યા પરિણામો મેળવી શકાય છે. જ્યાં વિજ્ઞાન નિષ્ફળ નીવડે ત્યાં શ્રધ્ધા અને નિ:સ્વાર્થ ભાવ કેવી દિશા બદલી નાંખે છે તે આ વાર્તાનો મુખ્ય ધ્વનિ છે. આ વાર્તામાં

શિવાકામનો શેઠ અને તેમના પરિવાર પ્રત્યેનો ત્યાગ, માનશી પ્રત્યેની ભાવના કહેવાતા સામાન્ય માણસને પોતાના કર્મના કારણે, સ્વભાવના કારણે અસામાન્ય બનાવે છે. તે આ વાર્તાનું મુખ્ય વિષયવસ્તુ બનેલ છે.

આ વાર્તામાં જન્મથી કે કર્મથી માણસ નિમ્ન નથી હોતો પણ સ્વભાવથી અને સદગુણોથી મોટો કે મહાન બને છે તે સ્પષ્ટ જોઇ શકાય છે.

આમ સમગ્ર વાર્તાસંગ્રહને જેના પરથી શીર્ષક આપવામાં આવ્યું છે તે 'બે ઇ-મેઇલ અને સરગવો' વાર્તા વિષયવસ્તુને દ્રષ્ટિએ નવીનતા ધરાવે છે. જે રીતે વિષયવસ્તુ નવીન છે તે મુજબ અહીં ભાષાકર્મ પણ એટલું જ નોંધપાત્ર છે. આપણે વિષયવસ્તુમાં જોયું તેમ અહીં શૈલી શૈલેષ શૈલીના સસરા અને શિવાકાકાની પાત્રસૃષ્ટિ વાર્તાને ગતિ આપે છે. આ વાર્તાના કેટલાંક નોંધપાત્ર વર્ણનો શિવાકાકાની બોલીમાં પ્રગટ થયાં છે તે આસવાદ્ય જેવા કે...

'અરરર ! એ હું બોલ્યા શેઠીયા ! હરાંમની કમાંણી ઉપરવાળો હજમ ના થવા દ્યે ! મારા કાંગમં કાંય ખાંમી આઇ હોય તો કયો બાચી...'(પૃ.૧૯૩)

'મારી ચાંમડીના જોડા સિવડાઇનં તમોનં બધાંનં પેરાવું તોય આ ભવમં તો છૂટું ઇમ નહિ. મારા મોટા શેઠ વોય નંઇનં મારો મનળો શુધરઅ નંઇ ! એ અતા તો આજે આ છાતી કાઠીનં ફેટીયેં છીએં, નકર ગામમાં ચ્યાંય મારી હંગાથ્ય બાથોડાં ભરતા વોત ક પછં ઊકેડોંમ આટોળતા વોત ! આ તો બધી ઋણાનુબંધની વાતો છે ભા !'(પૃ.૨૯૩)

અહીં શીર્ષકમાં 'બે-ઇમેલ' છે એટલે પ્રગતિનું એ પ્રતિક છે. કમ્પ્યુટર, ઇ-મેઇલ, માઉસ વગેરેના સંદર્ભો એટલે અહીં વર્ણનોમાં આવે છે આવે જુઓ;

'હવે મને તો તો વાંધો હોય શૈલી ! પણ તને તો કંટાળો નથી આવતો ને? ને આવશે તોય કોને કહીશ ? માઉસ પર દાઝ કાઢીશ કે પછી કમ્પ્યુટર શટ ડાઉન કરી દઇશ.'(પૃ.૧૯૩)

આમ આ વાર્તામાં એક તરફ શૈલી-શૈલેષ અને મેઇલના વર્ણનો તો બીજી તરફ શિવાકાકા વાડો, સરગવો, ખિસકોલીની કૂદાકૂદ વગેરે પાસપાસે આવે છે ને વિરોધાય છે. આજ રીતે અહી આ વાર્તામાં શૈલેષ અને શિવાકાકા પરસ્પર વિરોધાય છે.

આ ઉપરાંત અહીં 'પાઇની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ' જેવી કહેવતનો વિનિયોગ પણ અહીં થયો છે.

કેટલાંક નોંધપાત્ર અલંકારો જોઇએ તો;

'એમના અવસાન પછી દિવસો સાવ દોહ્યલા થઇ પડ્યા છે ને રાતો લાંબીછેલ, કદી નહિ ખૂટનારા રણ જેવી.'

‘નવજાત શિશુની આંગળીઓ જેવડી શીંગો
હવામાં હળવું-હળવું ઝૂલી રહી હતી !’

‘શરીરના સઘળાં અંગો જાણે અસહકારનું આંદોલન છેડી બેઠા હતા !’

આ વાર્તામાં શબ્દભંડોળના સંદર્ભે વિચારીએ તો અહીં અંગ્રેજી શબ્દોની ભરમાર છે જેવા કે ‘પ્લીઝ, કોન્ટેક્ટ, એકાઉન્ટ, ઇનબોક્ષ, મેઇલ સોરી, યુનિકોડ ફોન્ટ, કમ્પ્યુટર, ફેકટરી, ફેઇલ, સેન્ડ, શટડાઉન, સીઝન, કમ્પોઝ, બાલ્કની ડ્રાફ્ટસ, એડ્રેસ હોર્ન, બટન, કિલક, ફોલ્ડર, ટેન્શન વગેરે નોંધપાત્ર છે.

કેટલાંક રવાનુકારી શબ્દો જોઇએ તો
‘ઉંવા... ઉવા...’, ‘ખટચ્ચ ખચાક ખચ્ચ’ નોંધપાત્ર છે.

આ ઉપરાંત અહીં ‘ઇ-મેઇલ’ ની સાથે સાથે પત્રશૈલીનો વિનિયોગ થયેલો પણ જોવા મળે છે.

આમ સમગ્ર રીતે જોતા આ વાર્તાનું ભાષાકર્મ વૈવિધ્યસભર છે. અન્ય વાર્તાઓ કરતાં અહીં વિષયવસ્તુના સંદર્ભે પ્રયોજાયેલું ભાષાકર્મ વાર્તાને આસવાદ્ય બનાવે છે.

❖ **સંદર્ભ સૂચી :**

૧. ‘બે ઇ-મેઇલ અને સરગવો’, લે. દશરથ પરમાર